તા.૨૭/૦૭/૨૦૨૩
સામાન્ય સભા

આજ રોજ તા.૨૭/૦૭/૨૦૨૩ નાં રોજ પલસાણા ગ્રામ પંચાયત તા. પલસાણાની સામાન્ય સભા સરપંચશ્રી ગેરહાજર હોય ઉપસરપંચશ્રી પરેશભાઇ હસમુખભાઇ મૈસુરીયા નાં અધ્યક્ષપણા હેઠળ ગ્રામ પંચાયત કચેરી, પલસાણા ખાતે બપોરે ૧૨-૦૦ કલાકે મળી જેમાં નીચે મુજબના સભ્યશ્રીઓની હાજરીમાં થયેલ સભાની કાર્યવાહી નોંધ

**હાજર સભ્યો:-**

(૧)શ્રી પરેશભાઇ હસમુખભાઇ મૈસુરીયા ઉપસરપંચશ્રી
(૨)શ્રી દેવાંગકુમાર ઇશ્વરભાઇ સોલંકી સભ્યશ્રી
(૩)શ્રીમતી ઇલાબેન ભાણાભાઇ રાઠોડ સભ્યશ્રી
(૪)શ્રીમતી શ્રધ્ધાબેન મેહુલકુમાર પટેલ સભ્યશ્રી
(૫)શ્રી દિવ્યેશકુમાર ચંપકભાઇ ઢીંમર સભ્યશ્રી
(૬)શ્રીમતી કલ્પનાબેન અજયભાઇ પટેલ સભ્યશ્રી
(૭)શ્રીમતી લક્ષ્મીબેન પ્રફુલભાઇ પટેલ સભ્યશ્રી
(૮)શ્રીમતી પ્રતિક્ષાબેન મિનેષભાઇ પટેલ સભ્યશ્રી
(૯)શ્રીમતી નિમિષાબેન પ્રકાશભાઇ આહિર સભ્યશ્રી
(૧૦)શ્રી અશોકકુમાર મંગુભાઇ આહિર સભ્યશ્રી
(૧૧)શ્રી મહંમદ ઇલ્યાસ અબ્દુલ સમદ શેખ સભ્યશ્રી
(૧૨)શ્રી તેજસકુમાર પંકજભાઇ દેસાઇ સભ્યશ્રી

ઉપર મુજબના તમામ હાજર સભ્યશ્રીઓ હાજર રહેતા કોરમ થવાથી સભાની કાર્યવાહી હાથ ધરવામાં આવી.

કામ નં ૧ ગત સભાની કાર્યવાહી વાંચનમાં લેવા બાબત.
ઠરાવનં ૧ આજની સભામાં ગત સામાન્ય સભાની કાર્યવાહી નોંધનું વિગતવાર વાંચન કરવામાં આવ્યું. ગત સભાની કાર્યવાહી નોંધ કોમ્પ્યુટરાઇઝડ
તમામ સભ્યોને આપવમાં આવેલ છે. ગત સભાની કાર્યવાહી નોંધ યોગ્ય અને બરાબર હોય આજની સભાએ સર્વાનુમતે બહાલી આપવા સર્વાનુમતે
ઠરાવે છે. "ઠરાવ સર્વાનુમતે મંજુર"

કામ નં.૨ સભ્યશ્રીઓના રજાના રીપોર્ટ મંજુર કરવા બાબત
ઠરાવ નં.૨ આજ રોજની સભામાં કોઇ સભ્યશ્રીનો રજા રીપોર્ટ આવેલ ના હોય રજા મંજુર કરવાનો પ્રશ્ન રહેતો નથી. જેની આજની સભાએ નોંધ
લીધી છે. "ઠરાવ સર્વાનુમતે મંજુર"

કામનં ૩ આવેલ અરજીઓનું વાંચન કરવા બાબત.
ઠરાવનં ૩ આજ રોજ મળેલ સભા સમક્ષ નીચે મુજબની અરજીઓનું વિગતે વાંચન કરવામાં આવ્યું. વાંચન બાદ સભાએ ચર્ચા વિચારણા કર્યા બાદ
અરજીવાર નીચે મુજબના ઠરાવ કરવા નિર્ણયો કર્યા.

કામનં ૩/૧ રદ્દ થી મિલ્કતો નામફેર કરવા માટેની અરજીઓ વાંચને લઇ યોગ્ય નિર્ણયો ઠરાવો કરવા બાબત.
ઠરાવનં ૩/૧ આજ રોજ મળેલ સભા સમક્ષ રદ્દ આધારે નામફેર કરવા આવેલ અરજીઓનું વાંચન કરવામાં આવ્યું. વાંચન બાદ સભા ચર્ચા વિચારણા કર્યા બાદ નીચે મુજબના રદ્દ આધારે નામફેર કરવા સર્વાનુમતે ઠરાવે છે.

| અનુ | રદ્દ થી વેચાણ લેનાર | રદ્દ થી વેચનાર | રદ્દ નંબર તારીખ | મિલ્કત નંબર સ્થળ ઓળખ (નવો નંબર) |
|---|---|---|---|---|
| ૧ | દિપીકાબેન દિવ્યેશભાઇ શાહ | ભેરુલાલ રંગલાલ શાહ<br>રાજેશકુમાર ભેરુલાલ શાહ | ૯૮૩૧<br>તા ૬/૭/૨૦૨૩ | ગામતળ ચોવીસી ફળિયુ બીજામાળે ફ્લેટનં ૨ મિ.નં ૮૫૫/૧/૨/૨(૧૨૮૭) |
| ૨ | નરેશભાઇ કલ્યાણભાઇ પટેલ | ગૌરવ ટાઉનશીપ | ૭૧૧૩<br>તા:૨/૦૬/૨૦૧૬ | બ્લોક નંબર-૩૦૫, ગૌરવ ટાઉનશીપ પાકું મકાન મિલ્કત નંબર-૧૬૮૨/૬૯ (૩૦૦૧) |
| ૩ | શીતલ પ્રવીણકુમાર પુરોહિત<br>પ્રવીણકુમાર હિંદારામ પુરોહિત | મનિષકુમાર હરસુખભાઇ સુદાણી<br>પ્રદિપ જીવરાજભાઇ સુદાણી<br>લલિતભાઇ હિંમતભાઇ સુદાણી | ૨૪૨૬૨<br>તા:૨૬/૧૨/૨૦૧૮ | બ્લોક નંબર-૪૮ હરિનંદન પેલેસ પ્લોટનં ૨૫ થી ૨૮ફલેટનં-૩૦૨ મિલ્કત નંબર-૨૫૬૮/૩/૨ (૬૭૪૬) |
| ૪ | મેસર્સ દેવકૃપા ઇલેકટ્રીકલ્સ ભાગીદારી પેઢીના ભાગીદારો<br>જીગર કિશોરભાઇ વેલાણી<br>પ્રફુલકુમાર ભાઇલાલભાઇ પટેલ | દોલતભાઇ ઝીણાભાઇ પટેલ | ૯૮૩૮<br>તા:૦૭/૦૭/૨૦૨૩ | બ્લોકનં ૫૫૦ પૈકી ગ્રા.ફ્લોર પર દુકાન મિલ્કત નંબર-૧૪૫૨/૩ (૨૧૩૩) |
| ૫ | રામસિંહ ભવરસિંહ રાઠોડ<br>કરણસિંગ રામસિંગ રાઠોડ | મેસર્સ અનુપમ બિલ્ડકોન ભાગીદારી પેઢીના ભાગીદારો અશોકભાઇ સદાનંદ રાય વિગેરે | ૯૭૫૯<br>તા:૦૫/૦૭/૨૦૨૩ | બ્લોકનં ૫૪૫ અનુપમ આર્કેડ બેઝમેન્ટ દુકાન નં ૫, મિલકત નંબર ૨૨૧૦/૧૭૫(૫૪૬૬) |
| ૬ | પરેશકુમાર ખંડુભાઇ દેસાઇ<br>તારક પરેશભાઇ દેસાઇ | મેસર્સ અનુપમ બિલ્ડકોન ભાગીદારી પેઢીના ભાગીદારો અશોકભાઇ સદાનંદ રાય વિગેરે | ૯૭૬૧<br>તા:૦૫/૦૭/૨૦૨૩ | બ્લોકનં ૫૪૫ અનુપમ આર્કેડ ગ્રા.ફ્લોર દુકાનનં ૩૮, મિલકત નંબર ૨૨૧૦/૦/૩૮ (૫૩૭૯) |

| | | | | |
|---|---|---|---|---|
| ૭ | શોભાબેન પરેશભાઇ દેસાઇ<br>હિનાબેન અતુલભાઇ વશી | જીતેન્દ્રભાઇ વિનોદભાઇ વાઘાણી<br>દિલીપભાઇ વશરામભાઇ પાંચાણી | ૪૪૪૪<br>તા:30/03/૨૦૧૭ | બ્લોકનં ૧૩૭ આશિર્વાદ વિલા પ્લોટનં ૧૦ ખુ.પ્લોટ મિ.નં ૨૪૦૫ (૬૫૨૮) |
| ૮ | હિનાબેન અતુલકુમાર વશી<br>અતુલકુમાર ઠાકોરદાસ વશી | મેસર્સ અનુપમ બિલ્ડકોન ભાગીદારી પેઢીના ભાગીદારો અશોકભાઇ સદાનંદ રાય વિગેરે | ૯૭૬૫<br>તા:૦૫/૦૭/૨૦૨૩ | બ્લોકનં ૫૪૫ અનુપમ આર્કેડ પ્રથમમાળ દુકાનનં ૨૩, મિલકત નંબર ૨૨૧૦/૧/૨૩ (૫૪૨૧) |
| ૯ | મોહમદહમઝા મહમદઇલ્યાસ બેલીમ<br>સાહેદાબાનુ મહમદઇલ્યાસ બેલીમ | ઇમ્ત્યાઝ મકબુલ મલીક , મુમતાઝ મકબુલ મલીક | ૨૫૧૭<br>તા:૨૮/૦૨/૨૦૨૩ | બ્લોકનં ૫૬૭/અ એ વન પેલેસ ભોંયતળિયે બી-૧ મિલ્કતનંબર-૨૩૭૯/૫૦ (૬૨૮૬) |
| ૧૦ | તસ્લીમા મહમદઇલ્યાસ બેલીમ,<br>નસીમાબાનુ મહમદઇલ્યાસ બેલીમ,<br>સઇજાબાનુ મહમદઇલ્યાસ બેલીમ,<br>સગીર નઇમા મહમદઇલ્યાસ બેલીમ સ.વા સાહેદાબાનુ મહમદ ઇલ્યાસ બેલીમ | ઇમ્ત્યાઝ મકબુલ મલીક , મુમતાઝ મકબુલ મલીક | ૨૫૦૦<br>તા:૨૮/૦૨/૨૦૨૩ | બ્લોકનં ૫૬૭/અ એ વન પેલેસ બીજોમાળ ફ્લેટનં ૧૦૧ મિલ્કતનંબર-૨૩૭૯/૪૪ (૬૨૮૦) |
| ૧૧ | અલ્પાબેન સંજયભાઇ મોરડીયા | હિરેન લાલજીભાઇ કોરાટ<br>નિકુંજ રમેશભાઇ રામોલીયા<br>સંજયકુમાર ગોરધનભાઇ વઘાસીયા<br>અશ્વિનભાઇ બટુકભાઇ રાખોલીયા<br>રમેશભાઇ બાલુભાઇ રામોલીયા<br>શૈલેષભાઇ ધીરૂભાઇ પાનસુરીયા,<br>શૈલેષભાઇ હિંમતભાઇ ઝાલાવાડીયા | ૧૭૦૦<br>તા:૧૧/૦૨/૨૦૨૧ | બ્લોક નંબર-૪૮ વર્ણી રેસીડેન્સી પ્લોટનં ૩૩,૩૪,૬૩,૬૪ ફ્લેટનં -૪૦૭ મિલ્કત નંબર-૨૬૯૦/૪૫ (૮૬૯૦) |
| ૧૨ | કાજલબેન જિતેન્દ્ર બલર | હિરેન લાલજીભાઇ કોરાટ<br>નિકુંજ રમેશભાઇ રામોલીયા<br>સંજયકુમાર ગોરધનભાઇ વઘાસીયા<br>અશ્વિનભાઇ બટુકભાઇ રાખોલીયા<br>રમેશભાઇ બાલુભાઇ રામોલીયા<br>શૈલેષભાઇ ધીરૂભાઇ પાનસુરીયા,<br>શૈલેષભાઇ હિંમતભાઇ ઝાલાવાડીયા | ૧૬૯૯<br>તા:૧૧/૦૨/૨૦૨૧ | બ્લોક નંબર-૪૮ વર્ણી રેસીડેન્સી પ્લોટનં ૩૩,૩૪,૬૩,૬૪ ફ્લેટનં - ૧૦૧ મિલ્કત નંબર-૨૬૯૦/૧૨ (૮૬૫૪) |
| ૧૩ | જયેશભાઇ લલ્લુભાઇ ગામીત | મેસર્સ અનુપમ બિલ્ડકોન ભાગીદારી પેઢીના ભાગીદારો અશોકભાઇ સદાનંદ રાય વિગેરે | ૮૦૮૫<br>તા:૦૯/૧૧/૨૦૨૦ | બ્લોકનં ૫૪૫ અનુપમ આર્કેડ પ્રથમમાળ દુકાનનં ૩૬, મિલકત નંબર ૨૨૧૦/૧/૩૬ (૫૪૩૫) |

આમ, ઉપરોક્ત મુજબના ર૬દ આધારે દફતરે ફેરફાર કરવા સભા સર્વાનુમતે ઠરાવે છે.

"ઠરાવ સર્વાનુમતે મંજુર"

કામનં ૩/૨ શ્રી મલેક અબ્દુલ કાદર ગુલામ રસુલ વિગેરે ની અરજી

ઠરાવનં ૩/૨ આજ રોજ મળેલ સભા સમક્ષ શ્રી મલેક અબ્દુલ કાદર ગુલામ રસુલ વિગેરે ની અરજી વંચાણે લેવામાં આવી. અરજદારશ્રીએ મોજે: પલસાણા તાલુકો: પલસાણા ગામે આવેલ બ્લોક નંબર-૬૩૧ વાળી જમીનમાં પડેલ ખુલ્લા પ્લોટની આકારણી ગ્રામ પંચાયત દફતરે મિ.નં ૩૬૫૪ મલેક અબ્દુલ કાદર ગુલામ રસુલ (૧૦૦૨.૭૧ ચો.મી) મિ.નં ૩૬૫૫ દિનેશકુમાર શાંતિલાલ ગાંધી (૧૦૬૧.૮૫ ચો.મી) મિ.નં ૩૬૫૬ રીતુ પવનકુમાર જૈન (૯૬૨.૧૦ ચો.મી) મિ.નં ૩૬૫૭ રાજપુત જોગીન્દરસિંગ ગીસુસિંહ (૮૦૪.૮૦ ચો.મી) મિ.નં ૩૬૫૮ ધર્મચંદ રંગલાલ ગુર્જર (૭૪૫.૦૪ ચો.મી) થી ભાગીદારીમાં હિસ્સા મુજબ જમીન સહભાગીદારીની રાખવા ન માંગતા હોય આંતરિક વહેંચણ કરાર (૯૨૩/૨૦૨૩ તા:૨૩/૦૩/૨૦૨૩ નોટરી વિદ્વાન શ્રી જ્યોતિ ડી. માહ્યાવંશી રૂબરૂ) કરી કરારની રૂએ વહેંચણ કરેલ છે. પરંતુ તેમાં મિ.નં ૩૬૫૪ મલેક અબ્દુલ કાદર ગુલામ રસુલ અને મિ.નં ૩૬૫૫ દિનેશકુમાર શાંતિલાલ ગાંધી ના ખુલ્લા પ્લોટના વહેંચાયેલ હિસ્સા માં આવેલ ક્ષેત્રફળ માં ફેરફાર થયેલ છે. જે સુધારો કરવા અરજ કરેલ છે. અરજદારે રજૂ કરેલ સુધારાનો વહેંચણી કરાર (નં ૨૪૫૨ તા ૧૨/૦૭/૨૦૨૩)નોટરી વિદ્વાન શ્રી જ્યોતિ ડી માહ્યાવંશી રુબરૂ કરેલ જેમાં મિ.નં ૩૬૫૪ મલેક અબ્દુલ કાદર ગુલામ રસુલ ના ખુલ્લા પ્લોટ (૧૧૨૬.૮૨ ચો.મી) અને મિ.નં ૩૬૫૫ દિનેશકુમાર શાંતિલાલ ગાંધી ના ખુલ્લા પ્લોટ (૧૦૧૨.૫૭ ચો.મી) કરાર ની રુએ કરવા સભા સર્વાનુમતે ઠરાવે છે.

"ઠરાવ સર્વાનુમતે મંજુર"

કામ નં 3/3 શ્રી મુકેશકુમાર ચંદનમલ કલાલ ની અરજી

ઠરાવ નં 3/3 આજ રોજ મળેલ સભા સમક્ષ શ્રી મુકેશકુમાર ચંદનમલ કલાલ રહે: સચીન ની અરજીનું વાંચન કરવામાં આવ્યું. વાંચન બાદ સભાએ ચર્ચા વિચારણા કર્યા બાદ મોજે પલસાણા ગામે આવેલ બ્લોકનં ૫૮૫/બ/૨ પ્રવેશ રેસીડેન્સી બી વાળી જમીનમાં પડેલ પ્લોટ નંબર ૬ મુકેશકુમાર ચંદનમલ કલાલ એ દસ્તાવેજ નંબર ૧૬૦૫૭/૨૦૨૨ ના રોજ વેચાણ રાખેલ છે. અને તેમાં તેઓશ્રીએ મકાન બનાવેલ છે. છે. જે મકાનની આકારણી કરવા અરજ કરેલ છે. આ આકારણી ગુજ.ગ્રામ અને નગર પંચાયતના કર અને ફી બાબતના નિયમો ૧૯૬૪ ના હેતુસરની કરવાની રહેશે. તેમાં મિલકતોની માલિકી અંગેના કબ્જા, ભોગવટો પ્રસ્તાવિત જે તે માલિકનો રહેશે. જે કરવેરા વસુલાત તેમજ લાઇટ, પાણીની સવલત રહે તે પુરતી મર્યાદિત છે. કોઇ પણ મિલકતની આકારણી માત્ર વેરા વસુલ લેવાના હેતુ પૂરતી જ કરવામાં આવે છે. ભવિષ્યમાં આકારણી કરેલ કોઇ પણ મિલકત બિનઅધિકૃત ગણી દૂર કરવાનું થાય તો આકારણી પત્રક કે વેરા પહોંચ બાધારુપ રહેશે નહિ. તથા રસ્તા અને ગટરની સુવિધા તથા ફાયર સેફટીની વ્યવસ્થા માલિકે પોતે પૂરી પાડવાની શરતે આકારણી કરવા મિલકત નંબરો આપવા તથા વેરો વસુલ કરવા સભાએ સર્વાનુમતે નક્કી કર્યું. અરજદારે ગ્રાઉન્ડ ફ્લોર પર ૧ દુકાન અને ૭ રૂમ, પ્રથમમાળે ૮ રૂમ તથા બીજામાળે ૮ રૂમ તથા ત્રીજામાળે ૮ રૂમ નું બાંધકામ કરેલ છે. જે બરાબર હોઇ સભાએ દુકાનની આકારણી રૂા.૧,૦૦,૦૦૦/- અને એક રૂમની આકારણી રૂા.૫૦,૦૦૦/- લેખે કુલ ૩૨ મિલકતો ની કુલ આકારણી રૂા.૧૬,૫૦,૦૦૦/- કરવા અને ૩૨ મિલકત નંબરો આપવા સભાએ સર્વાનુમતે ઠરાવે છે.

"ઠરાવ સર્વાનુમતે મંજુર"

કામ નં 3/૪ શ્રી મુકેશકુમાર રોશનલાલ મેવાડા વિગેરે ની અરજી

ઠરાવ નં 3/૪ આજ રોજ મળેલ સભા સમક્ષ શ્રી મુકેશકુમાર રોશનલાલ મેવાડા વિગેરે રહે: સુરત ની અરજીનું વાંચન કરવામાં આવ્યું. વાંચન બાદ સભાએ ચર્ચા વિચારણા કર્યા બાદ મોજે પલસાણા ગામે આવેલ બ્લોકનં ૫૮૪/અ પ્રવેશ રેસીડેન્સી એ વાળી જમીનમાં

પડેલ પ્લોટ નંબર ૧૨૦+૧૨૧ મુકેશકુમાર રોશનલાલ મેવાડા અને કમલેશકુમાર ભુરાભાઇ ઠક્કર એ દસ્તાવેજ નંબર ૧૪૧૪૭/૧૪૧૪૬/૨૦૨૨ ના રોજ વેચાણ રાખેલ છે. અને તેમાં તેઓશ્રીએ મકાન બનાવેલ છે. છે. જે મકાનની આકારણી કરવા અરજ કરેલ છે.જે બિલ્ડીંગ નું નામ અલ-કરીમ આપેલ છે. આ આકારણી ગુજ.ગ્રામ અને નગર પંચાયતના કર અને ફી બાબતના નિયમો ૧૯૬૪ ના હેતુસરની કરવાની રહેશે. તેમાં મિલકતોની માલિકી અંગેના કબ્જા, ભોગવટો પ્રસ્તાવિત જે તે માલિકનો રહેશે. જે કરવેરા વસુલાત તેમજ લાઇટ, પાણીની સવલત રહે તે પુરતી મર્યાદિત છે. કોઇ પણ મિલકતની આકારણી માત્ર વેરા વસુલ લેવાના હેતુ પૂરતી જ કરવામાં આવે છે. ભવિષ્યમાં આકારણી કરેલ કોઇ પણ મિલકત બિનઅધિકૃત ગણી દૂર કરવાનું થાય તો આકારણી પત્રક કે વેરા પહોંચ બાધારુપ રહેશે નહિ. તથા રસ્તા અને ગટરની સુવિધા તથા ફાયર સેફટીની વ્યવસ્થા માલિકે પોતે પૂરી પાડવાની શરતે આકારણી કરવા મિલકત નંબરો આપવા તથા વેરો  વસુલ કરવા સભાએ સર્વાનુમતે નક્કી કર્યું. અરજદારે ગ્રાઉન્ડ ફ્લોર પર ૧ દુકાન અને ૧૨ રૂમ, પ્રથમમાળે ૧૩ રૂમ તથા બીજામાળે ૧૩ રૂમ તથા ત્રીજામાળે ૧૩ રૂમ નું બાંધકામ કરેલ છે. જે બરાબર હોઇ સભાએ દુકાનની આકારણી રૂા.૧,૦૦,૦૦૦/- અને એક રૂમની આકારણી રૂા.૫૦,૦૦૦/- લેખે કુલ  ૫૨ મિલકતો ની કુલ આકારણી રૂા.૨૬,૫૦,૦૦૦/- કરવા અને ૫૨ મિલકત નંબરો આપવા સભાએ સર્વાનુમતે ઠરાવે છે. "ઠરાવ સર્વાનુમતે મંજુર"

કામનં ૩/૫ શ્રી રીતાદેવી ઉમેશ યાદવ વિગેરે ની અરજી

ઠરાવનં ૩/૫ આજ રોજ મળેલ સભા સમક્ષ શ્રી રીતાદેવી ઉમેશ યાદવ વિગેરે ની અરજી વંચાણે લેવામાં આવી. અરજદારશ્રીએ મોજે: પલસાણા તાલુકો: પલસાણા ગામે આવેલ બ્લોક નંબર-૨૫૦ વાળી બીનખેતીમાં તબદીલ થયેલ જમીનમાં પાડવામાં આવેલ પ્લોટ નંબર-૧૪૭ વાળી જમીન રીતાદેવી ઉમેશ યાદવ અને ઉમેશ સકલદેવ યાદવ ના ઓ એ વેચાણ દસ્તાવેજ ક્રમાંક-૨૨૮૯૫/૨૦૧૮ તારીખ:૨૮/૧૧/૨૦૧૮ થી વેચાણ રાખેલ છે. જેમાં મકાનનું બાંધકામ કરી આકારણી કરવા અરજ કરેલ છે. સદર બાબતે ચર્ચા કરતાં આજની સભા  ગુજ.ગ્રામ અને નગર પંચાયતના કર અને ફી બાબતના નિયમો ૧૯૬૪ ના હેતુસરની આકારણી કરવા આજની સભા ઠરાવે છે. આ આકારણી  કરવેરા વસુલાત તેમજ લાઇટ, પાણીની સવલતના ઉપયોગ અને સેવા જળવાઇ  રહે તે પુરતી મર્યાદિત છે. કોઇ પણ મિલ્કતની આકારણી માત્ર વેરા વસુલ લેવાના હેતુ પૂરતી જ કરવામાં આવે છે. ભવિષ્યમાં આકારણી કરેલ કોઇ પણ મિલ્કત બિનઅધિકૃત ગણી દૂર કરવાનું થાય તો આકારણી પત્રક કે વેરા પહોંચ બાધારુપ રહેશે નહિ. રસ્તા અને ગટરની સુવિધા માલિકે પોતે પૂરી પાડવાની શરતે સભાએ આજની સભા આકારણી રજીસ્ટરે દાખલ કરી નવો નંબર આપી આકારણી રૂ.૧૫૦૦૦૦/- વેરા વસુલાત કરવા આજની સભા સર્વાનુમતે ઠરાવે છે.

"ઠરાવ સર્વાનુમતે મંજુર"

કામનં ૩/૬ શ્રી મંગીબેન રમેશભાઇ રાઠોડ ની અરજી.

ઠરાવનં ૩/૬ આજ રોજ મળેલ સભા સમક્ષ શ્રી મંગીબેન રમેશભાઇ રાઠોડ ની અરજીનું વાંચન કરવામાં આવ્યું. વાંચન બાદ સભાએ ચર્ચા વિચારણા કર્યા બાદ મોજે પલસાણા ગામે આવેલ મિલકત નંબર- ૨૮૩૨ રમેશભાઇ ગોપાળભાઇ રાઠોડ ના નામે આવેલ છે. શ્રી રમેશભાઇ ગોપાળભાઇ રાઠોડ તારીખ:૦૨/૦૭/૨૦૨૦ ના રોજ અવસાન પામેલા છે. જેથી તેમના વારસોએ રમેશભાઇ ગોપાળભાઇ રાઠોડ નું નામ કમી કરવા અરજ કરેલ છે. અને અરજી,પેઢીનામું તથા મરણના દાખલા, હક્ક કમીના કરાર રજૂ કરેલ છે. જે બરાબર હોઇ સભાએ વારસાઇ કરવા નક્કી કર્યું. અને તેમના સીધી લીટીના વારસો પેઢીનામામાં બતાવેલા વારસોના નામ આ મુજબના છે. (૧)શ્રી મંગીબેન રમેશભાઇ રાઠોડ (પત્ની) હયાત (૨)શ્રી વિશાલભાઇ રમેશભાઇ રાઠોડ (પુત્ર) હયાત (૩)શ્રી સગીર લક્ષ્મી રમેશભાઇ રાઠોડ(પુત્રી) હયાત આમ ત્રણ નામ દાખલ કરવાના થાય છે.  તેમજ જે પૈકી અનુ.નં (૨)શ્રી વિશાલભાઇ રમેશભાઇ રાઠોડ (પુત્ર) હયાત એ પોતાનો હક્ક ઉઠાવવા બાબતનો નોટરી (૩૨૨૭/૨૦૨૩-બળવંત કે પરમાર) રૂબરૂ લેખથી શ્રી મંગીબેન રમેશભાઇ રાઠોડ ની તરફેણ માં પોતાનો હક્ક હિસ્સો બિનઅવેજ થી ઉઠાવી લીધેલ છે. આથી મિલકત નંબર- ૨૮૩૨ માં  શ્રી મંગીબેન રમેશભાઇ રાઠોડ અને સગીર લક્ષ્મીબેન રમેશભાઇ રાઠોડ નું નામ કરવા આજની સભા સર્વાનુમતે ઠરાવે છે.

"ઠરાવ સર્વાનુમતે મંજુર"

કામનં ૩/૭ શ્રી મંજુલાબેન ઇશ્વરભાઇ રાઠોડ ની અરજી.

ઠરાવનં ૩/૭ આજ રોજ મળેલ સભા સમક્ષ શ્રી મંજુલાબેન ઇશ્વરભાઇ રાઠોડ ની અરજીનું વાંચન કરવામાં આવ્યું. વાંચન બાદ સભાએ ચર્ચા વિચારણા કર્યા બાદ મોજે પલસાણા ગામે આવેલ મિલકત નંબર- ૨૩૧૯ ઇશ્વરભાઇ ગુલાબભાઇ રાઠોડ ના નામે આવેલ છે. શ્રી ઇશ્વરભાઇ ગુલાબભાઇ રાઠોડ તારીખ:૩૦/૦૯/૨૦૧૯ ના રોજ અવસાન પામેલા છે. જેથી તેમના વારસોએ ઇશ્વરભાઇ ગુલાબભાઇ રાઠોડ નું નામ કમી  કરવા અરજ કરેલ છે. અને અરજી,પેઢીનામું તથા મરણના દાખલા, હક્ક કમીના કરાર રજૂ કરેલ છે. જે બરાબર હોઇ સભાએ વારસાઇ કરવા  નક્કી કર્યું. અને તેમના સીધી લીટીના વારસો પેઢીનામામાં બતાવેલા વારસોના નામ આ મુજબના છે. (૧)શ્રી મંજુલાબેન ઇશ્વરભાઇ રાઠોડ (પત્ની) હયાત (૨)શ્રી ઉકાભાઇ ઇશ્વરભાઇ રાઠોડ (પુત્ર) હયાત (૩)શ્રી રેખાબેન ઇશ્વરભાઇ રાઠોડ(પુત્રી)મરણ (૪)શ્રી શકુબેન ઇશ્વરભાઇ રાઠોડ(પુત્રી) મરણ આમ બે નામ દાખલ કરવાના થાય છે.  તેમજ જે પૈકી અનુ.નં (૨)શ્રી ઉકાભાઇ ઇશ્વરભાઇ રાઠોડ (પુત્ર) હયાત એ પોતાનો હક્ક ઉઠાવવા બાબતનો નોટરી  (૩૩૫૫/૨૦૨૩-બળવંત કે પરમાર) રૂબરૂ લેખથી શ્રી મંજુલાબેન ઇશ્વરભાઇ રાઠોડ ની તરફેણ માં પોતાનો હક્ક હિસ્સો બિનઅવેજ થી ઉઠાવી લીધેલ છે. આથી મિલકત નંબર- ૨૩૧૯ માં  શ્રી મંજુલાબેન ઇશ્વરભાઇ રાઠોડ નું નામ કરવા આજની સભા સર્વાનુમતે ઠરાવે છે.

"ઠરાવ સર્વાનુમતે મંજુર"

કામનં ૩/૮ શ્રી દક્ષાબેન સતિષભાઇ પટેલ ની અરજી.

ઠરાવનં ૩/૮ આજ રોજ મળેલ સભા સમક્ષ શ્રી દક્ષાબેન સતિષભાઇ પટેલ ની અરજીનું વાંચન કરવામાં આવ્યું. વાંચન બાદ સભાએ ચર્ચા વિચારણા કર્યા બાદ મોજે પલસાણા ગામે આવેલ મિલકત નંબર-૨૧૬ અને ૨૧૬/૧ શાંતાબેન દોલતભાઇ પટેલ, સતીષભાઇ દોલતભાઇ પટેલ, કિરણભાઇ દોલતભાઇ પટેલ, ઉષાબેન દોલતભાઇ પટેલ, મનુબેન દોલતભાઇ પટેલ ના નામે આવેલ છે.જે પૈકી શ્રી સતિષભાઇ દોલતભાઇ પટેલ તારીખ:૨૧/૦૮/૨૦૧૬ ના રોજ અવસાન પામેલા છે. જેથી તેમના વારસોએ સતિષભાઇ દોલતભાઇ પટેલ નું નામ કમી કરવા અરજ કરેલ છે. અને અરજી,પેઢીનામું તથા મરણના દાખલા રજૂ કરેલ છે. જે બરાબર હોઇ સભાએ વારસાઇ કરવા નક્કી કર્યું. અને તેમના સીધી લીટીના વારસો પેઢીનામામાં બતાવેલા વારસોના નામ આ મુજબના છે. (૧)શ્રી દક્ષાબેન સતિષભાઇ પટેલ (પત્ની) હયાત (૨)શ્રી ભાવિનકુમાર સતિષભાઇ પટેલ (પુત્ર) હયાત (૩)શ્રી કુંજનભાઇ સતિષભાઇ પટેલ આમ અનુ.નં (૧) થી (૩) નામ દાખલ કરવા અને સતિષભાઇ દોલતભાઇ પટેલ નું નામ કમી કરવા સભાએ સર્વાનુમતે ઠરાવે છે.

"ઠરાવ સર્વાનુમતે મંજુર"

કામનં ૩/૯ શ્રી હિરેનકુમાર ધીરુભાઇ પટેલ ની અરજી.

ઠરાવનં ૩/૯ આજ રોજ મળેલ સભા સમક્ષ શ્રી હિરેનકુમાર ધીરુભાઇ પટેલ ની અરજીનું વાંચન કરવામાં આવ્યું. વાંચન બાદ સભાએ ચર્ચા વિચારણા કર્યા બાદ મોજે પલસાણા ગામે આવેલ મિલકત નંબર-૧૯૮ પદમાબેન ધીરુભાઇ પટેલ ના નામે આવેલ છે.શ્રી પદમાબેન ધીરુભાઇ પટેલ તારીખ:૨૧/૧૧/૨૦૧૬ ના રોજ અવસાન પામેલા છે. જેથી તેમના વારસોએ પદમાબેન ધીરુભાઇ પટેલ નું નામ કમી કરવા અરજ કરેલ છે. અને અરજી,પેઢીનામું તથા મરણના દાખલા રજૂ કરેલ છે. જે બરાબર હોઇ સભાએ વારસાઇ કરવા નક્કી કર્યું. અને તેમના સીધી લીટીના વારસો પેઢીનામામાં બતાવેલા વારસોના નામ આ મુજબના છે. (૧)શ્રી હિરેનભાઇ ધીરૂભાઇ પટેલ (પુત્ર) હયાત (૨)શ્રી ચેતનકુમાર ધીરુભાઇ પટેલ (પુત્ર) હયાત (૩)શ્રી કમલકુમાર ધીરુભાઇ પટેલ(પુત્ર) હયાત આમ અનુ.નં (૧) થી (૩) નામ દાખલ કરવા અને પદમાબેન દેહીરુભાઇ પટેલ નું નામ કમી કરવા સભાએ સર્વાનુમતે ઠરાવે છે.

"ઠરાવ સર્વાનુમતે મંજુર"

કામનં ૩/૧૦ શ્રી કલ્પનાબેન ચંપકભાઇ પટેલ ની અરજી.
ઠરાવનં ૩/૧૦ આજ રોજ મળેલ સભા સમક્ષ શ્રી કલ્પનાબેન ચંપકભાઇ પટેલ ની અરજી નું વાંચન કરવામાં આવ્યું. વાંચન બાદ સભાએ ચર્ચા વિચારણા કર્યા બાદ મોજે પલસાણા ગામે આવેલ બ્લોકનં ૫૫૦ માં આવેલ ગાયત્રી કોમ્પલેક્ષ માં બનેલ રહેઠાણ કે જેની નોંધણી ગ્રામ પંચાયત દફતરે મિલકત નંબર ૧૫૨૧/૧૯ હાલ શ્રી કલ્પનાબેન ચંપકભાઇ પટેલ ના નામે ચાલે છે. સદર મિલ્કત નેશનલ હાઇવે ઓથોરીટી ઇન્ડીયા તરફથી સંપાદન કરવામાં આવેલ છે. જેથી હાલમાં આ મિલકત હાઇવે ઓથોરીટી દ્વારા તોડી પાડવામાં આવેલ છે. જેથી સદર મિલકતોની આકારણી રદ કરવા અરજ કરેલ છે. જેથી સદર મિલકતોનો જે બાકી વેરો હોય તે ભરપાઇ કરવાની શરતે સભાએ સદર મિલકત નંબરો ગ્રામ પંચાયત દફતરે થી રદ કરવા માટે સર્વાનુમતે ઠરાવે છે.

"ઠરાવ સર્વાનુમતે મંજુર"

કામનં ૩/૧૧ શ્રી કુંજનભાઇ સતિષભાઇ પટેલ ની અરજી.
ઠરાવનં ૩/૧૧ આજ રોજ મળેલ સભા સમક્ષ શ્રી કુંજનભાઇ સતિષભાઇ પટેલ ની અરજીનું વાંચન કરવામાં આવ્યું. વાંચન બાદ સભાએ ચર્ચા વિચારણા કર્યા બાદ મોજે પલસાણા ગામે આવેલ સિધ્ધેશ્વર પાર્ક મિલ્કત નંબર- ૨૬૫૪/૧૫૦ ફ્લેટનં ૩૦૪ માં દક્ષાબેન સતિષભાઇ પટેલ, ભાવિનકુમાર સતિષભાઇ પટેલ ના નામે આવેલ છે. શ્રી દક્ષાબેન સતિષભાઇ પટેલ, ભાવિનકુમાર સતિષભાઇ પટેલ એ સામાયિકપણામાં નામ દાખલ કરવાનો લેખ (નોટરી વિદ્વાન શ્રી બળવંત કે. પરમાર રૂબરૂ કરેલ કરાર ક્રમાંક ૩૯૫૬/૨૩ તારીખ:૨૧/૦૭/૨૦૨૩) થી તેમના સીધીલીટીના વારસદાર ૧. કુંજનભાઇ સતિષભાઇ પટેલ નું નામ દાખલ કરવા કરી આપેલ છે. જે યોગ્ય જણાતાં આજની સભા સદર મિલ્કતમાં દક્ષાબેન સતિષભાઇ પટેલ, ભાવિનકુમાર સતિષભાઇ પટેલ ના નામની સાથે તેમના સીધીલીટીના વારસદાર ૧. કુંજનભાઇ સતિષભાઇ પટેલ નું નામ દાખલ કરવા સર્વાનુમતે ઠરાવે છે.

"ઠરાવ સર્વાનુમતે મંજુર"

કામનં ૩/૧૨ શ્રી મનહરભાઇ કેશવભાઇ ટેલર ની અરજી.
ઠરાવનં ૩/૧૨ આજ રોજ મળેલ સભા સમક્ષ શ્રી મનહરભાઇ કેશવભાઇ ટેલર ની અરજીનું વાંચન કરવામાં આવ્યું. વાંચન બાદ સભાએ ચર્ચા વિચારણા કર્યા બાદ મોજે પલસાણા ગામે આવેલ મેઇન રોડ પર આવેલ મકાન વાડા સાથે કે જેનો મિલકત નંબર ૫૩ હસમુખભાઇ કેશવભાઇ, ભારતીબેન હસમુખભાઇ, ઇન્દુબેન મનહરલાલ ટેલર, મનહરભાઇ કેશવભાઇ ના નામે આવેલ છે. જેમાં તેઓશ્રીએ પ્રથમમાળ ના બાંધકામ ની અલગ આકારણી કરી આપવા અરજ કરેલ છે. જેથી મિલકત નંબર ૫૩ માં પ્રથમ માળ તરીકે ની અલગ આકારણી કરવા અને નવા મિલકત નંબર થી કરવા તેમજ આકારણી ₹.૧૦૦૦૦૦/- કરવા આજની સભા સર્વાનુમતે ઠરાવે છે.

"ઠરાવ સર્વાનુમતે મંજુર"

કામનં ૩/૧૩ શ્રી ભેરુલાલ રંગલાલ શાહ વિગેરે ની અરજી.
ઠરાવનં ૩/૧૩ આજ રોજ સભા મળી જેમાં સભા સમક્ષ શ્રી ભેરુલાલ રંગલાલ શાહ વિગેરે ની અરજીનું વાંચન કરવામાં આવ્યું. વાંચન બાદ સભાએ ચર્ચા વિચારણા કર્યા બાદ મોજે પલસાણા ગામે આવેલ ચોવીસી ફળિયામાં શ્રી ભેરુલાલ રંગલાલ શાહ, રાજેશકુમાર ભેરુલાલ શાહ એ અગાઉ બાંધકામ કરેલ જેની ગ્રા.પં દફતરે મિલકત નંબર ૮૫૫/૧ થી ગ્રા.ફ્લોર, પ્રથમમાળ, બીજોમાળ થી આકારણી થયેલ છે. જેના ઉપરના ત્રીજામાળે ફ્લેટો નું બાંધકામ કરેલ છે. જેની આકારણી કરવા અરજ કરેલ છે.આ આકારણી ગુજ.ગ્રામ અને નગર પંચાયતના કર અને ફી બાબતના નિયમો ૧૯૬૪ ના હેતુસરની કરવાની રહેશે. તેમાં મિલકતોની માલિકી અંગેના કબ્જા, ભોગવટો પ્રસ્તાવિત જે તે માલિકનો રહેશે. જે કરવેરા વસુલાત તેમજ લાઇટ, પાણીની સવલત રહે તે પુરતી મર્યાદિત છે. કોઇ પણ મિલકતની આકારણી માત્ર વેરા ઉઘરાવવાના હેતુ પૂરતી જ કરવામાં આવે છે. ભવિષ્યમાં આકારણી કરેલ કોઇ પણ મિલકત બિનઅધિકૃત ગણી દૂર કરવાનું થાય તો આકારણી પત્રક કે વેરા પહોંચ બાધારુપ રહેશે નહિ. તથા રસ્તા અને ગટરની સુવિધા માલિકે પોતે પૂરી પાડવાની શરતે સભાએ આકારણી કરવા મિલકત નંબરો આપવા તથા વેરો વસુલ કરવા સભાએ સર્વાનુમતે નક્કી કર્યું. અરજદારે ત્રીજામાળે ૪ ફ્લેટ નું બાંધકામ કરેલ છે. જે બરાબર હોઇ સભાએ ફ્લેટનં ૧ ની આકારણી રૂા.૧,૫૦,૦૦૦/- ફ્લેટનં ૨ ની આકારણી રૂા.૧,૩૦,૦૦૦/- ફ્લેટનં ૩ ની આકારણી રૂા.૧,૦૦,૦૦૦/- અને ફ્લેટનં ૪ ની આકારણી રૂા.૧,૨૦,૦૦૦/- કરવા અને ૪ મિલકત નંબરો આપવા સભાએ સર્વાનુમતે ઠરાવે છે.

"ઠરાવ સર્વાનુમતે મંજુર"

કામનં ૩/૧૪ શ્રી ઇશ્વરભાઇ નરસિંહભાઇ પટેલ ની અરજી
ઠરાવનં ૩/૧૪ આજ રોજ મળેલ સભા સમક્ષ શ્રી ઇશ્વરભાઇ નરસિંહભાઇ પટેલ ની અરજીનું વાંચન કરવામાં આવ્યું.વાંચન બાદ
સભાએ ચર્ચા વિચારણા કર્યા બાદ મોજે પલસાણા ગામે આવેલ ઇશ્વરભાઇ નરસિંહભાઇ પટેલ ના નામે ચાલતી મિલ્કત નં ૬૮૪/૬૮૫, ૬૮૬, ૬૮૭ લાંબા સમય ની પડતર મિલ્કત હતી જે તોડી પાડેલ હોય આકારણી રજીસ્ટર માં સુધારો કરી ખુલ્લી જગ્યા કરવા માંગણી કરી છે. ચર્ચા વિચારણા ને અંતે સ્થળ પર મકાન તોડી જગ્યા ખુલ્લી કરી દીધેલ હોય આકારણી રજીસ્ટરે સુધારો કરી ખુલ્લી જગ્યા લખવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યુ.

"ઠરાવ સર્વાનુમતે મંજુર"

કામનં ૩/૧૫ શ્રી મીનાબેન દિલીપભાઇ પાંચાણી ની અરજી.
ઠરાવનં ૩/૧૫ આજ રોજ મળેલ સભા સમક્ષ શ્રી મીનાબેન દિલીપભાઇ પાંચાણી ની અરજીનું વાંચન કરવામાં આવ્યું. વાંચન બાદ સભાએ ચર્ચા વિચારણા કર્યા બાદ મોજે પલસાણા ગામે આવેલ બ્લોકનં ૧૩૭ આર્શિવાદ વિલા માં પ્લોટનં ૧૧૪ ની ખુલ્લા પ્લોટ ની આકારણી ગ્રા.પં દફતરે મિલકત નંબર ૨૫૦૯ થી થયેલ છે. જે શ્રી મીનાબેન દિલીપભાઇ પાંચાણી એ જયંતિભાઇ કચરાભાઇ પટેલ પાસેથી ર.નં ૧૨૫૬૪ તા. ૨૬/૦૯/૨૦૨૨ થી વેચાણ રાખી તેમાં ગ્રા.ફલોર + પ્ર.માળ મકાન બનાવેલ છે.જેની મકાન સાથેની આકારણી માટે અરજ કરેલ છે.આ આકારણી ગુજ. ગ્રામ અને નગર પંચાયતના કર અને ફી બાબતના નિયમો ૧૯૬૪ ના હેતુસરની કરવાની રહેશે. તેમાં મિલકતોની માલિકી અંગેના કબ્જા, ભોગવટો પ્રસ્તાવિત જે તે માલિકનો રહેશે. જે કરવેરા વસુલાત તેમજ લાઇટ, પાણીની સવલત રહે તે પુરતી મર્યાદિત છે. કોઇ પણ મિલકતની આકારણી માત્ર વેરા ઉઘરાવવાના હેતુ પૂરતી જ કરવામાં આવે છે. ભવિષ્યમાં આકારણી કરેલ કોઇ પણ મિલકત બિનઅધિકૃત ગણી દૂર કરવાનું થાય તો આકારણી પત્રક કે વેરા પહોંચ બાધારૂપ રહેશે નહિ. તથા રસ્તા અને ગટરની સુવિધા તથા ફાયર સેફટીની વ્યવસ્થા માલિકે પોતે પૂરી પાડવાની શરતે સભાએ ર૬૬ ના આધારે નામમાં ફેરફાર કરી મિલકતના વર્ણન માં ખુલ્લા પ્લોટની જગ્યાએ મકાન કરી તેની આકારણી રૂા. ૪,૦૦,૦૦૦/- કરવા સભાએ સર્વાનુમતે ઠરાવ કર્યો.

"ઠરાવ સર્વાનુમતે મંજૂર"

કામનં ૩/૧૬ સુશીલાબેન હરીશભાઇ પટેલ ની અરજી.
ઠરાવનં ૩/૧૬ આજની સભામાં સુશીલાબેન હરીશભાઇ પટેલ ની અરજી વંચાણે લેવામાં આવી. તેઓશ્રીએ ગ્રામ પંચાયત દફતરે ચાલી આવેલ મિલ્કત નંબર ૧૪૮૭ ની વિગતમાં સદરને લાગુ પડતા બ્લોક નંબર:- ૫૪૮/અ અને ૫૪૯/અ દર્શાવવા અરજ કરેલ છે. હાલમાં આકારણી રજીસ્ટરે માત્ર બ્લોક નંબર-૫૪૯ નંબરનો જ ઉલ્લેખ કરેલ હોવાનું જણાવેલ છે. તેમજ ગ્રામ પંચાયત રેકર્ડમાં મિલકતના વર્ણનમાં ફેક્ટરી ના નામનો ઉલ્લેખ થયેલ નથી જે સુધારો કરી તમામ લાગુ પડતા બ્લોક નંબરનો ઉલ્લેખ કરવા અરજ કરેલ છે. અરજીમાં જણાવેલ વિગતો અને આનુષગિક મહેસુલી રેકર્ડ ધ્યાને લઇ ગ્રામ પંચાયત દફતરે મિલકતના વર્ણનમાં બ્લોકનં ૫૪૮/અ અને ૫૪૯/અ તેમજ મેસર્સ ટી.એમ પટેલ પ્રોસેસીંગ પ્રા.લી નું નામ નો ઉલ્લેખ કરવા આજની સભા આકારણી રજીસ્ટરે સુધારો કરવા ઠરાવે છે.

"ઠરાવ સર્વાનુમતે મંજૂર"

કામનં ૩/૧૭ શ્રી મનીષભાઇ મંગુભાઇ આહિર ની અરજી.
ઠરાવનં ૩/૧૭ આજ રોજ મળેલ સભા સમક્ષ શ્રી મનીષભાઇ મંગુભાઇ આહિર ની અરજી નું વાંચન કરવામાં આવ્યું. વાંચન બાદ સભાએ ચર્ચા વિચારણા કર્યા બાદ મોજે પલસાણા ગામે આવેલ મકાન કે જેની આકારણી ગ્રામ પંચાયત દફતરે મિ.નં ૧૦૮૧ થી અનુ.નં (૧)છગનભાઇ ડાહ્યાભાઇ આહીર (૨)ભીખાભાઇ ડાહ્યાભાઇ આહીર (૩)જગાભાઇ ડાહ્યાભાઇ આહીર (૪)સોમીબેન ડાહ્યાભાઇ આહીર (૫)મંગુભાઇ ડાહ્યાભાઇ આહીર ના નામે આવેલ છે. જે પૈકી અનુ.નં (૧)છગનભાઇ ડાહ્યાભાઇ આહીર (૨)ભીખાભાઇ ડાહ્યાભાઇ આહીર (૪)સોમીબેન ડાહ્યાભાઇ આહીર એ એ પોતાનો હક્ક ઉઠાવવા બાબતનો નોટરી (બળવંત કે પરમાર નં ૪૦૫૫/૨૦૨૩) રૂબરૂ લેખ કરી પોતાનો હક્ક હિસ્સો બિનઅવેજ થી મંગુભાઇ ડાહ્યાભાઇ આહીર ની તરફેણ માં ઉઠાવી લીધેલ છે.તેમજ અનુ.નં (૩)જગાભાઇ ડાહ્યાભાઇ આહીર જે અપરણિત, નિ:સંતાન નું અવસાન તા ૧૮/૦૨/૨૦૦૭ ના રોજ પલસાણા મુકામે થયેલ તે બદલ નો કોઇ પુરાવો રજૂ થયેલ ન હોય આ બાબત નું સોગંદનામું રજૂ થયે થી નામો કમી કરવા આજ ની સભામાં ચર્ચા કરવામાં આવી તેમજ અનુ.નં (૫)મંગુભાઇ ડાહ્યાભાઇ આહીર એ પોતાનું હયાતી નું પેઢીનામું તેમજ સામાયિકપણા માં નામ દાખલ કરવાનો લેખ નોટરી (બળવંત કે પરમાર નં ૩૯૫૦/૨૦૨૩) રૂબરૂ લેખ રજુ કરી વારદારોના નામ દાખલ કરી વારસદારોને મિલકત વહેંચણી કરાર રજૂ કરી વહેંચણી કરી આપવા માટે અરજ કરેલ છે. અરજદારે રજૂ કરેલ પેઢીનામાં માં બતાવેલ વારસોના ના નામો આ મુજબ છે. અનુ.નં (૧)શ્રી મંગુભાઇ ડાહ્યાભાઇ આહીર(પોતે) હયાત (૨)શ્રી દિવાળીબેન મંગુભાઇ આહિર (પત્ની) હયાત (૩)શ્રી મનીષભાઇ મંગુભાઇ આહિર (પુત્ર) હયાત (૪)શ્રી ગિરિશભાઇ મંગુભાઇ આહિર (પુત્ર) હયાત (૫)શ્રી અશોકભાઇ મંગુભાઇ આહિર આમ પાંચ નામો આવેલ છે. જે પૈકી અનુ.નં (૧)શ્રી મંગુભાઇ ડાહ્યાભાઇ આહીર(પોતે) હયાત (૨)શ્રી દિવાળીબેન મંગુભાઇ આહિર (પત્ની) હયાત એ પોતાનો હક્ક ઉઠાવવા બાબતનો નોટરી (બળવંત કે પરમાર નં ૩૯૫૧/૨૦૨૩) રૂબરૂ લેખ કરી પોતાનો હક્ક હિસ્સો બિનઅવેજ થી ઉઠાવી લીધેલ છે. જેથી અરજદારે મિલકત નંબર ૧૦૮૧ માંથી અનુ.નં (૧)શ્રી મંગુભાઇ ડાહ્યાભાઇ આહીર(પોતે) હયાત (૨)શ્રી દિવાળીબેન મંગુભાઇ આહિર (પત્ની) હયાત નું નામ કમી કરવા માટે અરજ કરેલ છે. જે બરાબર હોઇ સભાએ મિ.નં ૧૦૮૧ માંથી શ્રી મંગુભાઇ ડાહ્યાભાઇ આહીર, શ્રી દિવાળીબેન મંગુભાઇ આહિર નું નામ કમી કરી સદરહુ મિલકતમાં શ્રી મનીષભાઇ મંગુભાઇ આહિર, શ્રી ગિરિશભાઇ મંગુભાઇ આહિર, શ્રી અશોકભાઇ મંગુભાઇ આહિર ના નામો રાખવા અને આ ત્રણ અરજદારે શ્રી મનીષભાઇ મંગુભાઇ આહિર, શ્રી ગિરિશભાઇ મંગુભાઇ આહિર, શ્રી અશોકભાઇ મંગુભાઇ આહિર એ નોટરી શ્રી બળવંત કે પરમાર રૂબરૂ કરેલ કૌટુંબિક વહેંચણી કરાર રજીનં. ૩૯૫૧/૨૦૨૩ તા.૨૧/૦૭/૨૦૨૩ મુજબ મિલ્કત જે તેને નામે કરવા અરજ કરેલ છે. સભાએ ચર્ચા વિચારણાને અંતે મરણ પામનાર જગાભાઈ ડાહ્યાભાઇ આહિરનું અપરિણિત નિ:સંતાન હોવા અંગેનું સોગંદનામું રજુ થયેથી અરજદારશ્રીની અરજી સર્વાનુમતે મંજુર રાખી નીચે મુજબ આકારણી રજીસ્ટરમાં ફેરફાર કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યુ.

| અ.નં | વિસ્તાર | મિલકત નંબર | મિલકતનું વર્ણન | હાલ આકારણી પર ચાલતા નામો | આકારણી ની કિંમત | વહેંચણ કરાર આધારે આકારણી વિભાજન કર્યા બાદ | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | મિલ્કત ધારણ કરનાર | મિલ્કત નંબર | મિલ્કત નું વર્ણન | આકારણીની સુધારેલ કિંમત |
| ૧ | હાઇવે પર | ૧૦૮૧ | પાકું મકાન | મનીષભાઇ મંગુભાઇ આહિર, ગિરિશભાઇ મંગુભાઇ આહિર, અશોકભાઇ મંગુભાઇ આહિર | ૬૦૦૦૦/- | મનીષભાઇ મંગુભાઇ આહિર | | દક્ષિણ દિશા પાકું મકાન | ૧૫૦૦૦૦/- |
| | | | | | | ગિરિશભાઇ મંગુભાઇ આહિર | | વચ્ચેનો ગાળો પાકું મકાન | ૧૫૦૦૦૦/- |
| | | | | | | અશોકભાઇ મંગુભાઇ આહિર | | ઉત્તર દિશા પાકું મકાન | ૧૫૦૦૦૦/- |

ઉપર મુજબ આકારણી રજીસ્ટર પર જરૂરી ફેરફાર કરવા આજની સભામાં સર્વાનુમતે ઠરાવે છે.
"ઠરાવ સર્વાનુમતે મંજૂર"

કામનં ૩/૧૮ શ્રી હસમુખભાઇ ઇશ્વરભાઇ રાઠોડ ની અરજી.
ઠરાવનં ૩/૧૮ આજ રોજ મળેલ સભા સમક્ષ શ્રી હસમુખભાઇ ઇશ્વરભાઇ રાઠોડ ની અરજીનું વાંચન કરવામાં આવ્યું. વાંચન બાદ સભાએ ચર્ચા વિચારણા કર્યા બાદ મોજે પલસાણા ગામે આવેલ મિલકત નંબર- ૧૦૪૫ છગનભાઇ હીરાભાઇ રાઠોડ ના નામે આવેલ છે. શ્રી છગનભાઇ હિરાભાઇ રાઠોડ તારીખ:૨૦/૦૨/૨૦૦૦ ના રોજ અવસાન પામેલા છે. જેથી તેમના વારસોએ છગનભાઇ હિરાભાઇ રાઠોડ નું નામ કમી કરવા અરજ કરેલ છે. અને અરજી,પેઢીનામું તથા મરણના દાખલા, હક્ક કમીના કરાર રજૂ કરેલ છે. જે બરાબર હોઇ સભાએ વારસાઇ કરવા નક્કી કર્યુ. અને તેમના સીધી લીટીના વારસો પેઢીનામામાં બતાવેલા વારસોના નામ આ મુજબના છે. (૧)શ્રી માલીબેન છગનભાઇ રાઠોડ(પત્ની) મરણ તા ૧૦/૧૧/૨૦૦૦ (૨)શ્રી લખીબેન છગનભાઇ રાઠોડ (પુત્રી) હયાત (૩)શ્રી રૂખીબેન છગનભાઇ રાઠોડ (પુત્રી) હયાત (૪)શ્રી ઇશ્વરભાઇ છગનભાઇ રાઠોડ (પુત્ર) મરણ તા. ૦૨/૦૪/૨૦૧૯ હોવાથી તેમના સીધી લીટીના વારસદારો આ મુજબ છે (૪.૧) શ્રી કમળાબેન ઇશ્વરભાઇ રાઠોડ (પુત્રવધુ) હયાત (૪.૨)શ્રી વિનોદભાઇ ઇશ્વરભાઇ રાઠોડ (પૌત્ર) હયાત (૪.૩)શ્રી હસમુખભાઇ ઇશ્વરભાઇ રાઠોડ (પૌત્ર) હયાત (૪.૪)શ્રી મીનાબેન ઇશ્વરભાઇ રાઠોડ (પૌત્રી) હયાત (૫)શ્રી જશુબેન છગનભાઇ રાઠોડ (પુત્રી) હયાત (૬)શ્રી સવિતાબેન છગનભાઇ રાઠોડ (પુત્રી) હયાત આમ આઠ નામ દાખલ કરવાના થાય છે. તેમજ જે પૈકી અનુ.નં (૪.૧) શ્રી કમળાબેન ઇશ્વરભાઇ રાઠોડ (પુત્રવધુ) હયાત (૪.૨)શ્રી વિનોદભાઇ ઇશ્વરભાઇ રાઠોડ (પૌત્ર) હયાત (૪.૪)શ્રી મીનાબેન ઇશ્વરભાઇ રાઠોડ (પૌત્રી) હયાત એ પોતાનો હક્ક ઉઠાવવા બાબતનો નોટરી (૧૯૮૮/૨૦૨૩-જ્યોતિ.ડી માહ્યાવંશી) રૂબરૂ લેખથી શ્રી હસમુખભાઇ ઇશ્વરભાઇ રાઠોડ ની તરફેણ માં પોતાનો હક્ક હિસ્સો બિનઅવેજ થી ઉઠાવી લીધેલ છે. આથી મિલકત નંબર- ૧૦૪૫ માં શ્રી લખીબેન છગનભાઇ રાઠોડ, રૂખીબેન છગનભાઇ રાઠોડ, હસમુખભાઇ ઇશ્વરભાઇ રાઠોડ, જશુબેન છગનભાઇ રાઠોડ, સવિતાબેન છગનભાઇ રાઠોડ નું નામ કરવા આજની સભા સર્વાનુમતે ઠરાવે છે.

"ઠરાવ સર્વાનુમતે મંજુર"

કામનં ૩/૧૯ શ્રી શકુબેન ભાણાભાઇ હળપતિ ની અરજી.
ઠરાવનં ૩/૧૯ આજ રોજ મળેલ સભા સમક્ષ શ્રી શકુબેન ભાણાભાઇ હળપતિ ની અરજીનું વાંચન કરવામાં આવ્યું. વાંચન બાદ સભાએ ચર્ચા વિચારણા કર્યા બાદ મોજે પલસાણા ગામે આવેલ મિલકત નંબર- ૩૮૪/૧ માં (૧)શ્રી શકુબેન તે ભાણાભાઇ ની વિધવા (૨)શ્રી અનિતાબેન કિશોરભાઇ (૩)શ્રી રેશ્માબેન કિશોરભાઇ (૪)શ્રી વિજયભાઇ કિશોરભાઇ (૫)શ્રી સુમનબેન ભાણાભાઇ (૬)શ્રી રેખાબેન ભાણાભાઇ (૭)શ્રી પ્રકાશભાઇ ભાણાભાઇ ના નામે આવેલ છે. જે પૈકી (૫)શ્રી સુમનબેન ભાણાભાઇ તથા (૭)શ્રી પ્રકાશભાઇ ભાણાભાઇ મરણ પામેલા હોવાથી અરજદારે ચંદ્રસિંહ ઉર્ફે ભાણાભાઇ નાનસિંહ ચૌહાણ નું પેઢીનામું રજૂ કરેલ છે. જેમનું તારીખ:૨૫/૦૧/૨૦૦૦ ના રોજ અવસાન પામેલા છે. જેથી

તેમના વારસોએ સદર મિલકતમાં મરણ પામનાર નું નામ કમી કરવા અરજ કરેલ છે. અને અરજી,પેઢીનામું તથા મરણના દાખલા, હક્ક કમીના કરાર રજૂ કરેલ છે. જે બરાબર હોઇ સભાએ વારસાઇ કરવા નક્કી કર્યુ. અને તેમના સીધી લીટીના વારસો પેઢીનામામાં બતાવેલા વારસોના નામ આ મુજબના છે. (૧)શ્રી શકુબેન ભાણાભાઇ હળપતિ (પત્ની) હયાત (૨)શ્રી કિશોરભાઇ ભાણાભાઇ રાઠોડ(પુત્ર) મરણ તા:૧૧/૦૧/૨૦૧૦ હોવાથી તેમના સીધી લીટીના વારસો (૨.૧)શ્રી અનિતાબેન કિશોરભાઇ રાઠોડ (પુત્રવધુ) મરણ તા ૦૩/૦૨/૨૦૧૬ (૨.૨)શ્રી રેશ્માબેન કિશોરભાઇ રાઠોડ (પૌત્રી) હયાત (૨.૩)શ્રી વિજયકુમાર કિશોરભાઇ રાઠોડ (પૌત્ર) હયાત (૩)શ્રી સુમનબેન ભાણાભાઇ રાઠોડ (પુત્રી) મરણ તા ૧૨/૧૨/૨૦૧૪ માં મરણ મોજે પલસાણા મુકામે થયેલ પરંતુ રહેવાસી મોજે પોપડા હોવાથી ત.ક.મંત્રી પોપડા ના બનાવેલ પેઢીનામા માં દર્શાવ્યા મુજબના સીધીલીટીના વારસદારો (૩.૧)શ્રી પૂનમ પ્રવિણભાઇ રાઠોડ (પુત્રી) હયાત (૩.૨)શ્રી સગીર પિયુષ પ્રવિણભાઇ રાઠોડ (પુત્ર) હયાત (૩.૩)શ્રી સગીર જીતેન પ્રવિણભાઇ રાઠોડ (પુત્ર) હયાત (૪)શ્રી રેખાબેન ભાણાભાઇ રાઠોડ (પુત્રી) હયાત (૫)શ્રી પ્રકાશભાઇ ભાણાભાઇ રાઠોડ (પુત્ર) મરણ તા ૨૫/૧૨/૨૦૨૨ હોવાથી તેમના સીધી લીટીના વારસદારો (૫.૧)શ્રી ઉષાબેન પ્રકાશભાઇ રાઠોડ (પુત્રવધુ) હયાત (૫.૨)શ્રી સગીર રાઠોડ પ્રિયંકા પ્રકાશ (પૌત્રી) હયાત (૫.૩)સગીર રાઠોડ નેહા પ્રકાશ (પૌત્રી) હયાત (૫.૪)સગીર તુલસી પ્રકાશ રાઠોડ (પૌત્રી) હયાત (૫.૫)સગીર પ્રતીક્ષા પ્રકાશ રાઠોડ (પૌત્રી) હયાત આમ બાર નામ દાખલ કરવાના થાય છે. તેમજ જે પૈકી અનુ.નં (૨.૨)શ્રી રેશ્માબેન કિશોરભાઇ રાઠોડ (પૌત્રી) હયાત (૨.૩)શ્રી વિજયકુમાર કિશોરભાઇ રાઠોડ (પૌત્ર) હયાત (૩.૧)શ્રી પૂનમ પ્રવિણભાઇ રાઠોડ (પુત્રી) હયાત (૪)શ્રી રેખાબેન ભાણાભાઇ રાઠોડ (પુત્રી) હયાત (૫.૧)શ્રી ઉષાબેન પ્રકાશભાઇ રાઠોડ (પુત્રવધુ) હયાત એ પોતાનો હક્ક ઉઠાવવા બાબતનો નોટરી (૨૯૩૫/૨૦૨૩-બળવંત કે પરમાર) રૂબરૂ લેખથી શ્રી શકુબેન ભાણાભાઇ રાઠોડ ની તરફેણ માં પોતાનો હક્ક હિસ્સો બિનઅવેજ થી ઉઠાવી લીધેલ છે. આથી મિલકત નંબર-૩૮૪/૧ માં શ્રી શકુબેન ભાણાભાઇ હળપતિ, સગીર પિયુષ પ્રવિણભાઇ રાઠોડ, સગીર જીતેન પ્રવિણભાઇ રાઠોડ, સગીર રાઠોડ પ્રિયંકા પ્રકાશ, સગીર રાઠોડ નેહા પ્રકાશ, સગીર તુલસી પ્રકાશ રાઠોડ, સગીર પ્રતીક્ષા પ્રકાશ રાઠોડ નું નામ કરવા આજની સભા સર્વાનુમતે ઠરાવે છે.

"ઠરાવ સર્વાનુમતે મંજુર"

કામનં ૩/૨૦ શ્રી ચેતન ભવાનભાઇ નાગોથા ની અરજી

ઠરાવનં ૩/૨૦ આજ રોજ મળેલ સભા સમક્ષ શ્રી ચેતન ભવાનભાઇ નાગોથા ની અરજી વંચાણે લેવામાં આવી. અરજદારશ્રીએ મોજે: પલસાણા તાલુકો: પલસાણા ગામે આવેલ બ્લોક નંબર-૨૫૦ વાળી બીનખેતીમાં તબદીલ થયેલ જમીનમાં પાડવામાં આવેલ પ્લોટ નંબર-૧૧૪ વાળી જમીન ચેતન ભવાનભાઇ નાગોથા એ વેચાણ દસ્તાવેજ ક્રમાંક-૪૬૦/૨૦૨૩ તારીખ:૧૨/૦૧/૨૦૨૩ થી વેચાણ રાખેલ છે. જેમાં મકાનનું બાંધકામ કરી આકારણી કરવા અરજ કરેલ છે. સદર બાબતે ચર્ચા કરતાં આજની સભા ગુજ.ગ્રામ અને નગર પંચાયતના કર અને ફી બાબતના નિયમો ૧૯૬૪ ના હેતુસરની આકારણી કરવા આજની સભા ઠરાવે છે. આ આકારણી કરવેરા વસુલાત તેમજ લાઇટ, પાણીની સવલતના ઉપયોગ અને સેવા જળવાઇ રહે તે પુરતી મર્યાદિત છે. કોઇ પણ મિલ્કતની આકારણી માત્ર વેરા વસુલ લેવાના હેતુ પૂરતી જ કરવામાં આવે છે. ભવિષ્યમાં આકારણી કરેલ કોઇ પણ મિલ્કત બિનઅધિકૃત ગણી દૂર કરવાનું થાય તો આકારણી પત્રક કે વેરા પહોંચ બાધારુપ રહેશે નહિ. રસ્તા અને ગટરની સુવિધા માલિકે પોતે પૂરી પાડવાની શરતે સભાએ આજની સભા આકારણી રજીસ્ટરે દાખલ કરી નવો નંબર આપી આકારણી રૂ.૧૫૦૦૦૦/- વેરા વસુલાત કરવા આજની સભા સર્વાનુમતે ઠરાવે છે.

"ઠરાવ સર્વાનુમતે મંજુર"

કામ નં ૩/૨૧ શ્રી સત્યમ ડાહ્યાભાઇ ઢીંમર વિગેરે ની અરજી

ઠરાવ નં ૩/૨૧ આજ રોજ મળેલ સભા સમક્ષ શ્રી સત્યમ ડાહ્યાભાઇ ઢીંમર વિગેરે રહે: બારડોલી ની અરજીનું વાંચન કરવામાં આવ્યું. વાંચન બાદ સભાએ ચર્ચા વિચારણા કર્યા બાદ મોજે પલસાણા ગામે આવેલ બ્લોકનં ૫૩૪ વાળી જમીનમાં પડેલ પ્લોટ નંબર ૨+૩+૪+૫ સત્યમ ડાહ્યાભાઇ ઢીંમર, પ્રિતેશ ડાહ્યાભાઇ ઢીંમર, દક્ષાબેન ડાહ્યાભાઇ ઢીંમર ના નામે આવેલ છે. અને તેમાં તેઓશ્રીએ મકાન બનાવેલ છે. જે મકાનની આકારણી કરવા અરજ કરેલ છે. આ આકારણી ગુજ.ગ્રામ અને નગર પંચાયતના કર અને ફી બાબતના નિયમો ૧૯૬૪ ના હેતુસરની કરવાની રહેશે. તેમાં મિલકતોની માલિકી અંગેના કબ્જા, ભોગવટો પ્રસ્તાવિત જે તે માલિકનો રહેશે. જે કરવેરા વસુલાત તેમજ લાઇટ, પાણીની સવલત રહે તે પુરતી મર્યાદિત છે. કોઇ પણ મિલકતની આકારણી માત્ર વેરા વસુલ લેવાના હેતુ પૂરતી જ કરવામાં આવે છે. ભવિષ્યમાં આકારણી કરેલ કોઇ પણ મિલકત બિનઅધિકૃત ગણી દૂર કરવાનું થાય તો આકારણી પત્રક કે વેરા પહોંચ બાધારુપ રહેશે નહિ. તથા રસ્તા અને ગટરની સુવિધા તથા ફાયર સેફટીની વ્યવસ્થા માલિકે પોતે પૂરી પાડવાની શરતે આકારણી કરવા મિલકત નંબરો આપવા તથા વેરો વસુલ કરવા સભાએ સર્વાનુમતે નક્કી કર્યુ. અરજદારે ગ્રાઉન્ડ ફ્લોર પર ૩૦ દુકાન અને પ્રથમમાળે ૩૦ દુકાન નું બાંધકામ કરેલ છે. જે બરાબર હોઇ સભાએ દુકાનની આકારણી રૂા.૧,૦૦,૦૦૦/- લેખે કુલ ૬૦ દુકાનોની કુલ આકારણી રૂા.૬૦,૦૦,૦૦૦/- કરવા અને ૬૦ મિલકત નંબરો આપવા સભાએ સર્વાનુમતે ઠરાવે છે.

"ઠરાવ સર્વાનુમતે મંજુર"

કામનં ૪ આવક જાવકના હિસાબને મંજુર કરવા બાબત.

ઠરાવનં ૪ આજ રોજ મળેલ સભા સમક્ષ માહે જૂન- ૨૦૨૩ ના થયેલ આવક જાવકના હિસાબને વંચાણે લેવામાં આવ્યો. સભા સમક્ષ નીચે મુજબ હિસાબો રજુ કરવામાં આવ્યા.

| ૨૦૨૩ જૂન - આવક | | ૨૦૨૩ **જૂન -** જાવક | |
|---|---|---|---|
| આવક સદર | કુલ | જાવક સદર | કુલ |
| ઘરવેરો | ૬૮૮૪૯૫.૦૦ | પગાર ખાતે | ૧૨૩૧૮૦.૦૦ |
| જિ.પં કર | ૬૮૭૭૦.૦૦ | ડોર ટુ ડોર કચરા નિકાલ | ૧૨૫૦૦૦.૦૦ |
| લાઇટવેરો | ૭૩૧૫૦.૦૦ | રુર્બન ગટર સફાઇ ખાતે | ૧૩૮૩૦૦.૦૦ |
| પાણીવેરો | ૬૮૧૦૦.૦૦ | પાઇપ લાઇન સામાન | ૪૧૪૩૦.૦૦ |
| સફાઇવેરો | ૧૪૨૭૦૦.૦૦ | ગ્રામ સફાઇ ખાતે | ૪૪૮૦૦.૦૦ |
| વ્યવસાયવેરો R.C | ૧૮૨૯૫૦૦.૦૦ | ઓફિસ સાદિલવાર | ૪૨૦૦.૦૦ |
| વ્યવસાયવેરો E.C | ૨૧૮૦૦.૦૦ | સ્ટ્રીટ લાઇટ માલસામાન | ૩૦૬૦૦.૦૦ |
| માર્કેટભાડું | ૬૮૭૦.૦૦ | આરોગ્ય ખાતે | ૭૦૦૦૦.૦૦ |
| ગટરવેરો | ૬૮૭૭૫.૦૦ | ડેડ સ્ટોક ખાતે | ૧૦૦૦૦.૦૦ |

| | | | |
|---|---|---|---|
| નકલ ફી | ૨૮૯૨.૦૦ | સ્વભંડોળ આર.સી.સી. મેટલ ડામર રોડ ખાતે | ૭૦૭૩૫૮૪.૦૦ |
| એડવાન્સ વેરો | ૫.૦૦ | TDS સ્વભંડોળ | ૪૪૮૦૦.૦૦ |
| નળ કનેક્શન ફી | ૨૫૦૦.૦૦ | GST સ્વભંડોળ | ૪૨૮૩૨.૦૦ |
| લગ્ન નોંધણી ફી | ૩૧૦.૦૦ | લેબર શેષ સ્વભંડોળ | ૨૨૪૦૦.૦૦ |
| તાલુકા પંચાયત કર | ૨૨૨૫૭.૦૦ | બાગકામ તથા રમતગમત સાધનો ખાતે | ૧૧૩૨૬૧.૦૦ |
| **કુલ** | ૨૯૯૬૧૨૪.૦૦ | **કુલ** | ૭૮૮૪૩૮૭.૦૦ |
| **ઉઘડતી સિલ્લક** | ૫૩૭૬૩૮૯૦.૨૦ | **બંધ સિલ્લક** | ૪૮૮૭૫૬૨૭.૨૦ |
| **કુલ એકંદર** | ૫૬૭૬૦૦૧૪.૨૦ | **કુલ એકંદર** | ૫૬૭૬૦૦૧૪.૨૦ |

ઉપર મુજબના હિસાબો આજની સભામાં વંચાણે લઇ ચર્ચા વિચારણા કરવામાં આવી. ગ્રામ પંચાયત દ્વારા કરવામાં આવેલ ખર્ચ દર્શાવેલ કામો અને ખરીદેલ માલસામાન ની ગ્રામ પંચાયત પલસાણા ને ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ ની કલમ-૯૯ અનુસૂચિ-૧ મુજબના કામો અને ફરજો બજાવવા કરવો જરૂરી હતો. આવક અને થયેલ કામો તથા ખરીદેલ વસ્તુઓના પ્રમાણમાં ખર્ચ વ્યાજબી હોઇ આજની સભા પુખ્ત ચર્ચા પરામર્શના અંતે માહે જૂન- ૨૦૨૩ માસનો આવક ખર્ચના હિસાબો સર્વાનુમતે મંજૂર કરવા ઠરાવે છે.

"ઠરાવ સર્વાનુમતે મંજુર"

કામનં ૫ "મારી માટી મારો દેશ" કાર્યક્રમ અંતર્ગતની કામગીરી અંગે ચર્ચા કરી આયોજન કરવા બાબત

ઠરાવનં ૫ આજની સભામાં અધિક કમિશ્નર સાહેબશ્રી ગ્રામ વિકાસ ગુજરાત રાજ્ય ગાંધીનગરના પત્ર તારીખ:૨૭/૦૭/૨૦૨૩ ના પત્ર વંચાણે લઇ ગ્રામ પંચાયત કક્ષાએ "મારી માટી મારો દેશ" કાર્યક્રમ અંગેની ઉજવણી અન્વયેના કાર્યક્રમની ચર્ચા કરવામાં આવી. આ કાર્યક્રમ અંતર્ગત "વસુધા વંદન" , "શીલા ફલકમ" , પંચપ્રાણ શપથ, "સ્થાનિક વીરોનું સન્માન" વિગેરે કાર્યક્રમોની ઉજવણી બાબતે ચર્ચા કરવામાં આવી. સદર કાર્યક્રમ અંતર્ગત સરકારશ્રી તરફથી મળતી તમામ સુચનાઓ મુજબ આયોજન કરવા આજની સભા સર્વાનુમતે ઠરાવે છે. તથા તે બાબતની તમામ સત્તા સરપંચશ્રીને સોંપે છે.

"ઠરાવ સર્વાનુમતે મંજુર"

કામનં ૬ વિકાસ કામોની ચર્ચા કરવા બાબત

ઠરાવનં ૬ આજની સભામાં પલસાણા ગામે હાલમાં વિવિધ યોજનાકીય કામો પલસાણા ગ્રામ પંચાયતના વિસ્તારમાં વિકાસના થયેલ કામો તથા જે કામો ચાલી રહેલ છે. તે કામો એકદંરે સંતોષકારક હોઇ સદરહુ બાબતે ચર્ચા પરામર્શના અંતે એકંદરે સંતોષ વ્યક્ત કરે છે. અને અધૂરા કામો સમયસર પૂર્ણ કરવા ચર્ચા કરવામાં આવે છે.ગ્રામ પંચાયત સભ્યશ્રી ઇલ્યાસભાઇ શેખ દ્વારા હાલમાં બનાવવામાં આવેલ પલસાણા CNG પંપથી સૌમ્યા ડાઇંગ મીલ સુધી અને ઓમ શિવમ હોસ્પિટલથી ગોનાવાલા ડાઇંગા સુધીનો રસ્તો ઘણી જગ્યાએ તુટી ગયેલ છે. તે બાબતે લેખિત રજુઆત કરવામાં આવેલ છે. સભામાં અધ્યક્ષશ્રી દ્વારા આ રસ્તા પર પાણી નિકાલની સમસ્યાના કારણે રસ્તાનો થોડો ભાગ તુટી જવા પામેલ છે. સદર રીપેર કરવા જે તે કોન્ટ્રાકટરશ્રીને સુચના આપેલ છે. તથા હવે પછી આ બાબતે ઉપલી કચેરીઓ સાથે સંકલન કરી અન્ય કાર્યવાહી હાથ ધરવામાં આવશે. તેમ જણાવેલ છે. તે સિવાય નીચે મુજબના કામો ગ્રામ પંચાયત સ્વભંડોળ તથા ૧૫ માં નાણાંપંચ યોજનામાં આયોજન હેઠળ લેવા નક્કી કરવામાં આવે છે.નીચે મુજબના કામો ૧૫ મા નાણાપંચ યોજનાની ગાઇડલાઇન મુજબના જણાય તો સદર કામોને ૧૫ માં નાણાપંચ યોજનામાં પૂર્ણ કરવા પ્રાથમિકતા આપવા આજની સભા જણાવે છે.

(૧) પ્રા. શાળા ખાતે "મેરી માટી મેરા દેશ" કાર્યક્રમ અંતર્ગત શીલા ફલકમ બનાવવા બાબત
(૨) ૧૫ મી ઓગષ્ટની ઉજવણી માટે આમંત્રણ પત્રિકા તથા અન્ય આયોજન કરવા બાબત
(૩) પલસાણા ગામે રફીકભાઇ ના બિલ્ડીંગ પલસાણા શોપીંગ પાસે ગટરલાઇન નું કામ
(૪)પલસાણા ગામે હાઇવે પર જાહેર શૌચાલય બનાવવા બાબત
(૫)પલસાણા ગામે માર્કેટમાં ટાંકી દુર કરવા બાબત
(૬)પલસાણા ગામે વેરો ભરપાઇ કરનારને વિનામુલ્યે વિતરણ કરવા બીજા તબક્કા માટે કચરાપેટી ખરીદી કરવા બાબત.

ઉપરોક્ત વિકાસના કામો અંગે આગામી સમયમાં આયોજન હેઠળ લેવા માટે નક્કી કરેલ હોય ઉપર મુજબના કામો આયોજનમાં

લઇ સદર કામો વિકાસ યોજનાઓ માટેના સને ૧૯૯૫ ના નિયમો હેઠળ નિયમ-૪ મુજબના હોય આજની સભા સદર કામો કરવા અંગે વહીવટી મંજુરી આપવા ઠરાવે છે. તેમજ તેને લગતા ભાવપત્રકો મંગાવી, મંજુર કરવા તથા ચુકવણા કરવા સહિતની તમામ કાર્યવાહી કરવા સરપંચશ્રી ગ્રામ પંચાયત પલસાણા ને સત્તા આપવા ઠરાવવામાં આવે છે.

"ઠરાવ

સર્વાનુમતે મંજુર"

કામનં ૭ ખર્ચના બિલોના વંચાણે લઇ બહાલી/મંજુરી આપવા બાબત

ઠરાવનં ૭ આજની સભામાં ગ્રામ પંચાયત પલસાણા દ્વારા હાથ ધરવામાં આવેલ વિકાસના કામો તથા ખરીદ કરેલ માલ સામાન તથા સફાઇ કામગીરી તથા રીપેરીંગના કામો, જેસીબી/ટ્રેકટરનું કામ, મેટલ રોડના કામો, ડામર રોડના કામો, પેવર બ્લોક/આર.સી.સી.રોડના કામો, ગટરલાઇનના કામો, પીવાના પાણીની નવી લાઇન નાંખવા તથા રીપેરીંગના કામો અને સ્ટ્રીટલાઇટ રીપેરીંગ અને નવી લાઇટોના કામો વિગરે,પેવરબ્લોક રીપેરીંગ કામ બીલોનું વિગતે વાંચન કરવામાં આવ્યું. તેમાં બતાવેલ ખર્ચ ગ્રામપંચાયત દ્વારા કરવામાં આવેલ કામો અને ખરીદવામાં આવેલ માલસામાન તથા વિકાસ કામો માટેનો છે. જે દર્શાવેલ વિગતનો ખર્ચ પંચાયતે ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ ની કલમ ૯૯ ની અનુસુચિ ૧ મુજબના કામો અને ફરજો બજાવવા કરવો જરૂરી હતો અને થયેલ ખર્ચ કામના પ્રમાણમાં બરાબર છે. તથા કામો એકદંરે સંતોષકારક રીતે પૂર્ણ થયેલ છે. સબબ આ બાબતે પુખ્ત ચર્ચા વિચારણાના અંતે તમામ બિલો તથા અન્ય વહીવટી ખર્ચ તથા વિકાસ કામોના બીલો આજની સભામાં મંજૂર રાખી ચુકવણું કરવા તથા ખર્ચ થયેલ બીલોને બહાલી આપવા સર્વાનુમતે ઠરાવે છે.

"ઠરાવ સર્વાનુમતે મંજુર"

કામનં ૮ પ્રમુખ સ્થાનેથી રજૂ થતા કામો બાબત.
ઠરાવનં ૮ આજની સભામાં પ્રમુખ સ્થાનેથી કોઈ કામો રજુ કરવામાં આવેલ નથી. જેની આજની સભાએ નોંધ લીધી છે. .

"ઠરાવ સર્વાનુમતે મંજુર"

આમ, ઉપરોક્ત કાર્યવાહી મુજબ એજન્ડા મુજબના કામો પૂર્ણ થતા હાજર રહેલ તમામ સભ્યશ્રીઓનો આભાર માની સભા પૂર્ણ થયેલ જાહેર કરવામાં આવી.

નકલ રવાના:-
(૧) પ્રતિ,
સરપંચશ્રી, ઉપસરપંચશ્રી અને સભ્યશ્રીઓ તમામ
ગ્રામ પંચાયત પલસાણા, તા.પલસાણા તરફ
૨/- જાણ થવા સારૂં

નકલ સવિનય રવાના:-
(૧) પ્રતિ,
મહે. તાલુકા વિકાસ અધિકારી સાહેબ,
તાલુકા પંચાયત કચેરી પલસાણા તરફ
૨/- જાણ તથા યોગ્ય કાર્યવાહી સારૂ.